# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


પગાર/એરીયર્સ/૨૦૨૪/ ૧૫૭૧૭ તા.૧૭/૦૧૦/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અમે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિલ્લો-સુરત.

**વિષય: તા.૩૦/૦૯/૨૦૨૪ની સ્થિતિએ ચૂકવવાના બાકી બીલો રજૂ કરવા બાબત.**
**સંદર્ભ: કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: COS/0146/10/2024, તા.૧૭/૧૦/૨૦૨૪**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૩૦/૦૯/૨૦૨૪ની સ્થિતિએ ચૂકવવાના બાકી **એરીયર્સ બિલો (રજા રોકડ રૂપાંતર, પગાર એરીયર્સ, મોંઘવારી તફાવત, મેડીકલ બીલો, એલ.ટી.સી. બીલો,સાતમાં પગાર પંચ એરીયર્સ નાં બીલો)** તા.૨૨/૧૦/૨૦૨૪ સાંજે ૪:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીની પગાર શાખામાં અચૂક રૂબરૂ રજુ કરવાના રહેશે. સદર બિલોની ગ્રાન્ટની માંગણી કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગર ખાતે કરવાની હોઈ ઉક્ત સમય મર્યાદામાં બીલો રજૂ કરવાના રહેશે.

**નોંધ:** (૧) બીલો રજૂ કરવામાં આવેલ કર્મચારીઓનાં ખાતાની વિગતોની એન્ટ્રી IFMS માં કરવાની હોઈ, કર્મચારીઓના ખાતાનો કેન્સલ ચેક અથવા પાસબુકની પ્રથમ પેજની સ્પષ્ટ નકલ ફરજીયાત ઉક્ત સ્થળે સંબંધિત શાખા કલાર્કને મેન્યુઅલ બીલ સાથે જોડી રૂબરૂ આપવાની રહશે.

(૨) આપની કક્ષાએથી અગાઉ જે બીલો રજૂ કરવામાં આવ્યા છે તે સિવાયનાં બીલો જ અત્રે રજૂ કરવાના રહેશે.

(૩) સદર બીલોનું અગાઉ ચુકવણું થયેલ નથી જે બાબતનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર બીલ સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) ઉક્ત મેન્યૂઅલ બીલોમાં નીચે જણાવ્યા મુજબના આધારો સામેલ રાખી બીલ રજૂ કરવાનું રહશે.

- નોંધ પાનું
- શાળાનો ફોરવર્ડીંગ લેટર
- કચેરી આદેશ (૨ નકલમાં)
- FORM G.T.R 62-C (૨ નકલમાં)
- ફોર્મ નં.૧ (ભાગ-૧) (૨ નકલમાં)
- બીલમાં જરૂરી ગણતરી પત્રક અને સાધનિક આધારો.

હિસાબી અધિકારી (વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ. સુરત.